સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ 7 | ગણિત | ડિસેમ્બર, 2020

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

(અ.નિ: અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. પ્રમાણમાં રહેલ રાશિઓને ઓળખી બતાવે છે. જેમ કે 15, 45, 40, 120 એ પ્રમાણમાં છે. $\frac{15}{45}$ અને $\frac{40}{120}$ બંને સમાન છે.

પ્રશ્ન 1 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.

1. $\frac{1}{3}$ ને સમાન ગુણોત્તર કયો છે? 1

   $\frac{3}{1}$ (B) $\frac{2}{3}$ (C) $\frac{2}{6}$ (D) $\frac{3}{2}$

2. 10 રૂપિયાનો 50 પૈસા સાથેનો ગુણોત્તર શોધો. 2

3. એક બાઈક 3 લિટર પેટ્રોલથી 150 કિમી અંતર કાપે છે , તો આ જ બાઈક 5 લિટર પેટ્રોલથી કેટલું અંતર કાપશે? 2

અ.નિ. અપૂર્ણાંક અને દશાંશ અપૂર્ણાંકને ટકામાં તથા ટકાને અપૂર્ણાંક અને દશાંશ અપૂર્ણાંકમાં ફેરવે છે.

પ્રશ્ન 2 નીચેના પ્રશ્નોના જવાબ લખો.

1. આપેલ અપૂર્ણાંકને ટકામાં ફેરવોઃ $\frac{4}{5}$ 1
2. આપેલ દશાંશ અપૂર્ણાંકને ટકામાં ફેરવોઃ 0.04 1
3. આપેલ ટકાને દશાંશ અપૂર્ણાંકમાં ફેરવોઃ 40% 1
4. 240 ના 15% કેટલા થાય? 2

અ.નિ. નફા-ખોટની ટકાવારીની તેમજ સાદા વ્યાજના વ્યાજ દરની ગણતરી કરે છે.

પ્રશ્ન 3 નીચેના પ્રશ્નોના દાખલા ગણો.

1. રમીલાએ એક સાયકલ 2000 રૂપિયામાં ખરીદી અને 2500 રૂપિયામાં વેચી તો તેને કેટલા ટકા નફો થયો? 2
2. જૈમિન 2 વર્ષ માટે 10000 રૂપિયા, 12% વાર્ષિક વ્યાજના દરે લે છે, તો તેણે બે વર્ષના અંતે કેટલું વ્યાજમુદ્દલ ચૂકવવું પડે? 3

અ.નિ. સંમેય સંખ્યાઓ વિશે સમજે છે અને વિવિધ પરિસ્થિતિઓમાં સંમેય સંખ્યાઓનો ઉપયોગ કરી ગણતરી કરે છે.

પ્રશ્ન 4 નીચેના પ્રશ્નોના માગ્યા જવાબ લખો.

1. $\frac{-2}{-3}$, $\frac{2}{3}$, $\frac{-2}{3}$ માંથી કઈ સંખ્યા ઋણ સંમેય સંખ્યા છે? 1
2. $\frac{-36}{48}$ ને અતિસંક્ષિપ્ત સ્વરૂપે લખો. 2
3. $-\frac{1}{2}$ અને $\frac{2}{3}$ વચ્ચે આવતી બે સંમેય સંખ્યાઓ લખો. 2

અ.નિ. સંમેય સંખ્યાની પાયાની ચાર ક્રિયાઓની ગણતરી કરે છે.

પ્રશ્ન 5 નીચેના પ્રશ્નોના માગ્યા જવાબ લખો.

1. કોઈ સંખ્યાના તેમના વ્યસ્ત સાથેના ગુણાકારની કિંમત.....હોય છે. 1
2. સરવાળો કરો : $\frac{2}{3} + \frac{3}{2}$ 2
3. ગુણાકાર કરો : $\frac{-6}{5} \times \frac{9}{11}$ 2

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 7 **ગણિત** **જુલાઈ, 2020**

સમયઃ 1 કલાક **કુલ ગુણઃ 25**

* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. પૂર્ણાંક સંખ્યાના સરવાળા તથા બાદબાકી વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે અને તે ગુણધર્મોનો ઉપયોગ કરી ગાણિતિક ક્રિયાઓ સરળ રીતે કરે છે.

પ્રશ્નઃ 1 નીચે આપેલ વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો. **(5)**

1. $(-9) + _____ = 0$
2. $(-45) + _____ = (-45)$
3. $(-4) + [5 + 17] = [(-4) + _____] + 17$
4. $0 + _____ = (-17)$
5. $(-17) + (-37) = (-37) + _____$

અ.નિ. ઉદાહરણો / પેટર્ન દ્વારા પૂર્ણાંક સંખ્યાઓના ગુણાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે તથા ગુણધર્મોનો ઉપયોગ કરીને ગાણિતિક ક્રિયાઓ સરળ રીતે કરે છે.

પ્રશ્નઃ 2 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.

1. (-20) નો (-1) સાથેનો ગુણાકાર શું મળે ? (1)
2. $(-12) \times 0 \times (-17)$ નો જવાબ શું મળે ? (1)
3. ગુણાકાર કરો : $(-3) \times (-4) \times 2 \times (-1)$ (3)

અ.નિ. દશાંશ સંખ્યાઓનો ઉપયોગ રોજિંદા વ્યવહારમાં વપરાતી રાશિઓમાં કરે છે.

પ્રશ્નઃ 3 નીચેના દાખલા ગણો.

1. નિયમિત બહુકોણની દરેક બાજુની લંબાઇ 1.3 સેમી છે. બહુકોણની પરિમિતિ 10.4 સેમી છે. તો બહુકોણ કેટલી બાજુઓ ધરાવે છે? (3)
2. એક પેન્ટ બનાવવા 1.20 મીટર કાપડ જોઇએ. એકસરખા માપનાં 12 પેન્ટ બનાવવા માટે કેટલું કાપડ જોઇએ? (2)

અ.નિ. અપૂર્ણાંકોના ગુણાકાર તથા ભાગાકારની સમજ કેળવે છે.

પ્રશ્ન: 4 નીચેના દાખલા ગણો. **(5)**

1. રવિના એક કલાકમાં પુસ્તકનો $\frac{1}{5}$ ભાગ વાંચે છે. પુસ્તકનો કેટલામો ભાગ તે $2\frac{1}{5}$ કલાકમાં વાંચશે?

2. મહેશ $7\frac{1}{2}$ સેમી લંબાઇની પેપરની પટ્ટીને કાપીને $1\frac{1}{2}$ સેમી માપની નાની નાની પટ્ટીઓ બનાવે છે. મહેશને નાની પટ્ટીઓના કેટલા ટુકડા મળશે ?

અ.નિ. દશાંશ સંખ્યાના પૂર્ણ સંખ્યા સાથે ગુણાકાર કરે છે.

પ્રશ્ન: 5 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.

1. શોધો : 0.4 × 6 (1)

2. શોધો : 57.4 × 10 (1)

3. (3)



આકૃતિમાં બતાવેલ માપના લંબચોરસનું ક્ષેત્રફળ શોધો.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ 7 | **ગણિત** | **ઑક્ટોબર, 2020**

સમય 1 કલાક | **કુલ ગુણ 25**

અ.નિ. અધ્યયન નિષ્પત્તિ – Learning Outcome

અ.નિ. માહિતી પરથી લંબ આલેખ અને દ્વિ લંબ આલેખનું અર્થઘટન કરે છે.

પ્રશ્નઃ 1 નીચે આપેલ લંબ આલેખનો અભ્યાસ કરો. આલેખ પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો. (5)



(1) વર્ષઃ 1989, 1990 દરમિયાન વેચાયેલ પુસ્તકોની કુલ સંખ્યા કેટલી મળે ?

(2) વર્ષઃ 1989 કરતા વર્ષઃ 1992 માં કેટલાં પુસ્તકો વધુ વેચાયાં છે ?

(3) કયા વર્ષમાં 350 પુસ્તકો વેચવામાં આવ્યાં ?

(4) Y અક્ષ પર પ્રમાણમાપ કેટલું લેવામાં આવ્યું છે ?

(5) સૌથી વધારે પુસ્તકો કયા વર્ષમાં વેચવામાં આવ્યાં ?

અ.નિ. આપેલ સમીકરણનો ઉકેલ શોધે છે.

પ્રશ્નઃ 2 નીચેના ઉકેલ મેળવો.

(6) સમીકરણ ઉકેલોઃ $12p - 11 = 25$ (2)

(7) $4 + 5(x - 1) = 34$ સમીકરણનો ઉકેલ શોધો. (3)

અ.નિ. આકૃતિના આધારે માંગેલ ખૂણાઓની જોડ લખે છે.

પ્રશ્ન: 3 આકૃતિના આધારે માંગેલ ખૂણાની જોડનાં નામ લખો. (5)



(8) આસન્ન કોટિકોણ

(9) સમાન પૂરકકોણ

(10) અભિકોણો જે ગુરૂકોણ હોય

(11) અસમાન પૂરકકોણ

(12) અભિકોણો જે લઘુકોણ હોય

અ.નિ. ત્રિકોણના બે ખૂણાઓનાં માપ આપેલ હોય તેના પરથી ત્રીજા ખૂણાનું માપ શોધે છે.

પ્રશ્ન: 4 માગ્યા મુજબ ગણો.

(13) એક ત્રિકોણના બે ખૂણાઓનાં માપ અનુક્રમે 47° અને 52° હોય તો ત્રીજા ખૂણાનું માપ શોધો. (3)

(14) નીચેની આકૃતિમાં અજ્ઞાત x નું મૂલ્ય શોધો. (2)



અ.નિ. પાયથાગોરસના ગુણધર્મોનો ઉપયોગ કરી બે બાજુઓના આપેલ માપ પરથી ત્રીજી બાજુનું માપ શોધે છે તેમજ તે આધારિત વ્યવહારુ કોયડાઓ ઉકેલે છે.

પ્રશ્ન: 5 નીચેના પ્રશ્નોના ઉકેલ મેળવો.

(15) $\triangle PQR$ માં $\angle P$ કાટખૂણો છે. $PQ = 10$ સેમી અને $PR = 24$ સેમી હોય તો QR શોધો. (2)

(16) એક ઝાડ જમીન પરથી 4 મીટર ઊંચાઇએથી તૂટી પડે છે અને તેની ટોચ ઝાડના થડથી 3 મીટર અંતરે જમીનને અડે છે. ઝાડની મૂળ ઊંચાઈ ગણો. (3)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-7 ગણિત તા.18/02/2022

સમયઃ 1 કલાક કુલ ગુણઃ 25 ગુણ

પ્રશ્ન-1 એક તાર છે. આ તારને 10 સેમી બાજુવાળા ચોરસમાં વાળેલો છે. તો નીચેના પ્રશ્નોના જવાબ આપો.



(1) આ તારની કુલ લંબાઈ કેટલી હશે ? (1)

(2) ચોરસ આકારે વાળેલ તારને ખોલીને 15 સેમી લંબાઈવાળા લંબચોરસ આકારમાં વાળવામાં આવે છે. તો લંબચોરસની પહોળાઈ કેટલી થશે ? તે લંબચોરસની પરિમિતિ કેટલી થશે ? (2)

(3) જો લંબચોરસની પહોળાઈ 8 સેમી મળે તે રીતે તારને વાળીને લંબચોરસ બનાવીએ તો તેની લંબાઈ કેટલી મળે ? (1)

(4) આ તારના બે સરખા ભાગ કરી કોઈ એક ભાગને વાળીને ચોરસ બનાવતાં તે ચોરસની લંબાઈ કેટલી મળે ? (1)

પ્રશ્ન-2 આપેલ પ્રશ્નોના જવાબ આપો.

(1) 1.4 મીટર વ્યાસવાળા વર્તુળનું ક્ષેત્રફળ ગણો. (2)

(2) એક વર્તુળનો પરિઘ 88 સેમી છે. આ વર્તુળનું ક્ષેત્રફળ ગણો. (3)

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) $4y^2 - 3y + 7$ માં અચળ પદ કયું છે ? (1)

(2) $4x + yz + 8$ આ પદાવલિમાં અચળ પદ સિવાયનાં પદો જણાવો. (1)

(3) $2x - 5yz$ આ પદાવલિમાં અવયવ y હોય તેવું પદ કયું છે ? (1)

(4) આપેલ પદોની જોડમાંથી કઈ જોડ સજાતીય પદોની અને કઈ જોડ વિજાતીય પદોની છે ? તે જુદી પાડો. (2)

(1) $yx, -12x^2$ (2) $-pq^2, -p^2q$

(3) $mn, 7nm$ (4) $ab^2, -4ab^2$

પ્રશ્ન-4 માગ્યા પ્રમાણે ગણો.

1. $a = -2$ લઈ $5a^2 - 5a + 2$ ની કિંમત શોધો. (2)

2. $a = 2$ અને $b = 3$ લઇ $a^2 - 2ab + b^2$ ની કિંમત શોધો. (2)

3. $x = -2$ હોય તો $x + 2$ ની કિંમત કેટલી મળે? (1)

પ્રશ્ન-5 સાદુ રૂપ આપી કિંમત શોધો.

1. $\dfrac{12^2 \times 9^3 \times 4}{6^2 \times 8^2 \times 27}$ (3)

2. $(5^2)^3 \div (5^2)^2$ (2)

શિક્ષક માટેઃ

પ્રશ્ન ક્રમાંક	અ.નિ. ક્રમાંક	વિધાન
1	M717.1	ચોરસ અને લંબચોરસની પરિમિતિ શોધે છે.
2	M725.4	વર્તુળનું ક્ષેત્રફળ શોધે છે તથા તે આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.
3	M707.1	પદાવલિનાં પદો તેમજ પદનાં સહગુણક જણાવે છે તથા તેમાં રહેલા સજાતીય અને વિજાતીય પદો કહે છે.
4	M707.3	બીજગણિતીય પદાવલિની કિંમત શોધે છે.
5	M705.4	ઘાતાંકના નિયમોનો ઉપયોગ કરી કિંમત શોધે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-7 ગણિત તા. 07/01/2022

સમયઃ 1 કલાક કુલ ગુણઃ 25

પ્રશ્ન-1 સાચો વિકલ્પ પસંદ કરો. **[5]**

(1) $\frac{2}{5}$ એટલે કેટલા ટકા થાય ?

(A) 4% (B) 0.4% (C) 40% (D) 4.4%

(2) એક વર્ગમાં કુલ 30 વિદ્યાર્થી છે. તેમાંથી 18 છોકરાઓ અને 12 છોકરીઓ છે. તો વર્ગમાં છોકરીઓની ટકાવારી કેટલી થાય ?

(A) 40% (B) 60% (C) 88% (D) 82%

(3) 0.75 ને ટકામાં ફેરવો.

(A) 3/4% (B) 75/100% (C) 75% (D) 7.5%

(4) 25%ને દશાંશ અપૂર્ણાંકમાં કઈ રીતે લખાય ?

(A) 2.5 (B) 0.25 (C) 25 (D) 0.025

(5) 60% નું અપૂર્ણાંક સ્વરૂપ કયું છે?

(A) $\frac{4}{5}$ (B) $\frac{2}{5}$ (C) $\frac{3}{5}$ (D) $\frac{40}{50}$

પ્રશ્ન-2 દાખલા ગણો.

(1) વેપારી 60 રૂપિયામાં ખરીદેલ કંપાસબોક્ષ 20% નફા સાથે વેચે છે. કંપાસબોક્ષની વેચાણ કિંમત શોધો. **[2]**

(2) દુકાનદાર નાના બાળકો માટેની ત્રણ પૈડાંવાળી સાઈકલ 1260 રૂપિયામાં વેચે છે. જો એક સાઈકલના વેચાણ પર 40% નફો મળતો હોય તો સાઈકલની પડતર કિંમત કેટલી થાય ? **[3]**

પ્રશ્ન-3 માગ્યા મુજબ જવાબ આપો.

(1) સંખ્યારેખા દોરો અને નીચે આપેલ સંખ્યાઓનું નિરૂપણ કરો. **[3]**

(1) $\frac{-3}{8}$ (2) $\frac{5}{2}$ (3) $\frac{0}{5}$

(2) નીચે સંખ્યારેખા પર બિંદુઓ A, B, C, D અને P, Q, R, S એવી રીતે દર્શાવેલા છે કે જેથી AB=BC=CD=PQ=QR=RS થાય. તો C અને R બિંદુઓ વડે દર્શાવતી સંમેય સંખ્યા લખો. **[2]**



પ્રશ્ન-4 નીચેના દાખલા ગણી કિંમત શોધો.

(1) $\frac{5}{63} - \left(\frac{-1}{9}\right)$ **[2]**

(2) $\frac{3}{7} \times \frac{7}{3}$ **[1]**

(3) $\frac{7}{24} \div \frac{14}{48}$ **[2]**

પ્રશ્ન-5 $\triangle PQR$ રચો, જેમાં $\angle Q$ કાટખૂણો છે. $PR = 6$ સેમી અને $QR = 4$ સેમી છે. પ્રથમ કાચી આકૃતિ રચી તેના પરથી કંપાસપેટીના સાધનો વડે રચના કરો. [5]

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અક્રમાંક .નિ.	વિધાન
1	M709	અપૂર્ણાંક અને દશાંશ અપૂર્ણાંકને ટકામાં તથા ટકાને અપૂર્ણાંક અને દશાંશ અપૂર્ણાંકમાં ફેરવે છે.
2	M710.1	ટકાવારીનો ઉપયોગ કરી નફા અને ખોટની ટકાવારી ગણતરી કરે છે તેમજ તે આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.
3	M721.2	સંમેય સંખ્યાઓનું સંખ્યારેખા પર નિરૂપણ કરે છે.
4	M721.5	સંમેય સંખ્યાની પાયાની ચાર ક્રિયાઓની ગણતરી કરે છે.
5	M715.5	માપપટ્ટી અને પરિકરની મદદથી ત્રિકોણની એક બાજુ અને કર્ણનું માપ આપેલું હોય તેવા કાટકોણ ત્રિકોણની રચના કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ: 7 | ગણિત | સપ્ટેમ્બર, 2021

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25

M701.4 પૂર્ણાંક સંખ્યાઓના ભાગાકાર કરે છે અને તેને લગતા વ્યવહારૂ કોયડા ઉકેલે છે.

પ્રશ્ન-1 માગ્યા મુજબ ગણો.

(1) એક લિફ્ટ 5 મીટર પ્રતિ મિનિટના દરે ખાણમાં ઉતરે છે. જો લિફ્ટ જમીનથી 8 મીટર ઉપરથી નીચે ઉતરતી હોય તો જમીનની સપાટીથી નીચે 42 મીટર (એટલે કે -42 મીટર) સુધી પહોંચતાં તેને કેટલો સમય લાગશે? (3)

(2) બે પૂર્ણાંક સંખ્યાઓ x અને y ની જોડ (x, y) એવી રીતે લખો કે જેથી $x \div y = -7$ થાય. (1)

(3) $27 \div (-9) =$ _____ (1)

M703.10 દશાંશ સંખ્યાઓનો ઉપયોગ રોજિંદા વ્યવહારમાં વપરાતી રાશિઓ માટે કરે છે.

પ્રશ્ન-2 માગ્યા મુજબ ગણો.

(1)

એક લંબચોરસનું ક્ષેત્રફળ 17.1 ચો સેમી છે. જો તેની લંબાઈ 5.7 સેમી હોય તો પહોળાઈ શોધો. (3)

(2) 1 લિટર પેટ્રોલનો ભાવ ₹ 98.30 છે. શાહિદે તેની ગાડીમાં 10 લિટર પેટ્રોલ પૂરાવ્યું. તો તેણે પેટ્રોલના કેટલા રૂપિયા ચૂકવ્યા હશે? (2)

M706.3 આપેલ સમીકરણનો ઉકેલ શોધે છે.

પ્રશ્ન-3 નીચેના સમીકરણનો ઉકેલ શોધો.

(1) $y - 4 = 7$ (1)

(2) $x - 5 = 0$ (1)

(3) $3(n - 2) = 48$ (3)

M703 અપૂર્ણાંક અને દશાંશ સંખ્યાના ગુણાકાર/ભાગાકાર માટે વિવિધ રીતનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-4 દાખલા ગણો.

(1) 101.01 × 1.1 (2)

(2) 30.87 ÷ 0.7 (3)

M720 માહિતી પરથી લંબ આલેખ અને દ્વિલંબ આલેખનું અર્થઘટન કરે છે.

પ્રશ્ન-5 નીચે આપેલ દ્વિલંબ આલેખનો અભ્યાસ કરી આલેખ સંબંધી પ્રશ્નોના જવાબ આપો. [05]



પ્રશ્નો:

(1) આલેખ કઈ માહિતી દર્શાવે છે?

(2) સંજુએ ગુજરાતી અને ગણિતમાં કેટલા ગુણ મેળવ્યા છે?

(3) કયા વિદ્યાર્થીઓને ગણિત કરતાં ગુજરાતીમાં ઓછા ગુણ મળ્યા છે?

(4) કયા વિદ્યાર્થીના ગુજરાતી અને ગણિતમાં સરખા ગુણ છે?

(5) પાંચ વિદ્યાર્થીઓ પૈકી કયા વિદ્યાર્થી પર વિષય શિક્ષકે વધુ ધ્યાન આપવાની જરૂર છે?

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : 7 | **ગણિત** | **જુલાઈ, 2021**

સમય : 2 કલાક | **કુલ ગુણ : 50**

L.O. પેટર્ન દ્વારા એકી, બેકી, વિભાજ્ય, અવિભાજ્ય અને સહવિભાજ્ય સંખ્યાઓને ઓળખે છે તથા વિવિધ રીતે વર્ગીકૃત કરે છે.

પ્રશ્ન-1 પ્રશ્નોના જવાબ આપો. **(05)**

1. બેકી અવિભાજ્ય સંખ્યા કઈ છે ?
2. સૌથી નાની એકી વિભાજ્ય સંખ્યા કઈ છે ?
3. 45 અને 50 વચ્ચે આવતી અવિભાજ્ય સંખ્યા કઈ છે ?
4. 15ના અવિભાજ્ય અવયવો લખો.
5. 12ના બધા અવયવો લખો.

L.O. પેટર્ન દ્વારા એકી, બેકી, વિભાજ્ય, અવિભાજ્ય અને સહઅવિભાજ્ય સંખ્યાઓને ઓળખે છે તથા વિવિધ રીતે વર્ગીકૃત કરે છે.

પ્રશ્ન-2 નીચે પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.

1. 48 ના અવિભાજ્ય અવયવ પાડો. **(2)**
2. 6, 8 અને 12ના બે સામાન્ય અવયવી શોધો. **(3)**

L.O. ચોક્કસ સ્થિતિમાં ગુ.સા.અ. અને લ.સા.અ. નો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-3 નીચેના દાખલા ગણો.

1. ગુ.સા.અ. શોધો: 18 અને 24 **(2)**
2. લ.સા.અ. શોધો: 27, 36, 54 **(3)**

L.O. પૂર્ણાંક સંખ્યાઓને લગતા સરવાળા-બાદબાકીના દાખલા ગણે છે.

પ્રશ્ન-4 દાખલા ગણો. **(05)**

1. (-4) + 7
2. 2 - (-7)
3. (-3) - (-3)
4. 33 - (-15)
5. (-122) + (-58)

L.O. નાણાં, લંબાઈ, તાપમાન સંદર્ભે જુદી જુદી પરિસ્થિતિમાં અપૂર્ણાંક તથા દશાંશ અપૂર્ણાંકનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-5 માગ્યા મુજબ ગણો.

1. 150 પાનાના એક પુસ્તકમાંથી રાજુએ 32 પાનાં વાંચ્યાં. પ્રાચીએ તે જ પુસ્તકમાંથી $\frac{2}{5}$ ભાગનાં પાનાં વાંચ્યાં. તો કોણે કેટલાં વધારે પાનાં વાંચ્યાં કહેવાય ? **(2)**
2. એક વર્તુળાકાર પીઝાના (રોટલાના) આઠ એક સરખા ભાગ કર્યા. તેમાંથી પીઝાનો $\frac{5}{8}$ ભાગ મેં ખાધો. તો તેના કેટલા ટુકડા વધ્યા હશે ? **(1)**
3. રાધાના ઘરેથી $\frac{15}{12}$ કિ.મી. દૂર બગીચો આવેલ છે. રાધાના ઘરેથી $\frac{2}{3}$ કિ. મી. દૂર બગીચે જવાના રસ્તે વચ્ચે મીરાનું ઘર છે. તો મીરાના ઘરેથી બગીચો કેટલા કિ.મી. દૂર હશે ? **(2)**

L.O. રોજિંદા જીવનમાં અપૂર્ણાંક, દશાંશ અપૂર્ણાંકવાળી સંખ્યાઓના સરવાળા અને બાદબાકીના આધારે વ્યાવહારિક કોયડાઓ ઉકેલે છે.

પ્રશ્ન-6 માગ્યા મુજબ જવાબ આપો.

1. રાજાએ રૂપિયા 48.50 નું કંપાસબોક્ષ અને રૂપિયા 62.75 નું એક પુસ્તક ખરીદ્યું. તો તેણે કુલ કેટલા રૂપિયાનો ખર્ચ કર્યો કહેવાય ? **(2)**
2. રૂબીના પાસે 18 મીટર 50 સે.મી. લાંબુ કાપડ હતું. તેમાંથી તેણે પડદા બનાવવા 5.80 મીટર કાપડ કાપ્યું. તો તેની પાસે કેટલું કાપડ બાકી રહ્યું ? **(2)**
3. બીના પાસે 4 કિલો 75 ગ્રામ ખાંડ હતી. તો તેની પાસે કેટલા કિલોગ્રામ ખાંડ હતી તેમ કહેવાય ? **(1)**

L.O. આસપાસ રહેલ વસ્તુઓ (વર્ગખંડનું ભોંયતળિયું, ચોકબોક્ષની બાજુઓ)ની પરિમિતિ અને ક્ષેત્રફળ શોધે છે.

પ્રશ્ન-7 માગ્યા મુજબ જવાબ આપો.

1. એક લંબચોરસ પ્લોટની લંબાઈ 17 મીટર અને પહોળાઈ 14 મીટર છે. તેની ફરતે વાડ કરવાનો ખર્ચ રૂપિયા 25 પ્રતિમીટર પ્રમાણે કેટલો થશે ? **(3)**
2. 45 મીટર લંબાઈવાળા ચોરસ બગીચાનું ક્ષેત્રફળ ગણો. **(2)**

L.O. આસપાસ રહેલ વસ્તુઓ (વર્ગખંડનું ભોંયતળિયું, ચોકબોક્ષની બાજુઓ)ની પરિમિતિ અને ક્ષેત્રફળ શોધે છે.

પ્રશ્ન-8 નીચેના પ્રશ્નોમાં માંગ્યા મુજબ ગણો.

1. એક જમીનની લંબાઈ 5 મીટર અને પહોળાઈ 2.5 મીટર છે. તેમાં ફૂલ માટે 1 મીટર લંબાઈવાળા પાંચ ચોરસ ક્યારા બનાવ્યા છે. તો ફૂલના ક્યારા સિવાયની જમીનના બાકીના ભાગનું ક્ષેત્રફળ શોધો. **(3)**
2. નીચે આપેલ બે આકૃતિ પૈકી કોની પરિમિતિ વધારે છે ? કેટલી વધારે છે તે ગણો. **(2)**



આકૃતિ - 1



આકૃતિ - 2

L.O. માપપટ્ટી, પરિકરના ઉપયોગથી વિવિધ ભૌમિતિક આકૃતિની રચના કરે છે.

પ્રશ્ન-9 માપપટ્ટી, અને પરિકરની મદદથી નીચેની રચના કરો.

1. 9 સે.મી. લંબાઈનો રેખાખંડ દોરી તેનો લંબદ્વિભાજક રચો. **(2)**
2. 60° ના ખૂણાની રચના કરો. **(2)**
3. 3 સે.મી. ત્રિજ્યાવાળું વર્તુળ દોરો. **(1)**

L.O. બાજુઓની સંખ્યાના આધારે બહુકોણને વર્ગીકૃત કરે છે.

પ્રશ્ન-10 વિભાગ 'અ' માં બહુકોણની આકૃતિ આપેલ છે. જ્યારે વિભાગ 'બ' માં બહુકોણનાં નામ આપ્યાં છે. **(05)**
વિભાગ 'અ'ની આકૃતિને વિભાગ 'બ' માં આપેલ નામ સાથે જોડો.
જોડકાં જોડો.

વિભાગ અ	વિભાગ બ
A) 	1) પંચકોણ
B) 	2) સમલંબ ચતુષ્કોણ
C)	3) સપ્તકોણ
D)	4) ષટકોણ
E) 	5) સમાંતરબાજુ ચતુષ્કોણ
	6) લંબચોરસ
	7) અષ્ટકોણ